



આજે કોરોના ની મહામારી માં બધા ધંધા રોજગાર પર અસર પડી છે. તેમાં પણ રેસ્ટોરન્ટ ,હોટલ અને ખાણીપીણી ના ધંધામાં ભારે નુક્સાન આવી રહ્યું છે. શહેર માં ઘણી ખરી નાની મોટી રેસ્ટોરન્ટ બંધ થઈ ગઈ છે. અથવા દુકાન માલિકોની જબરદસ્તી ભાડા વસુલાત કારણે બંધ થવાના આરે છે. એક સમયે ખાણી પીણી બજાર રાત ના સમયે પણ ધમધમતું..અત્યારે ચોપાટી હોય કે ઈન્ફોસીટી, સરગાસણ હોય કે કુડાસણ તમામ જગ્યાએ અંધારપટ જેવો માહોલ જોવા મળી રહ્યો છે. જે કોઈ ઈક્ક દુક્કા વેપારીઓ એ રેસ્ટોરન્ટ ખોલી છે તેઓ પણ સાવ નવરા જ બેઠા છે. સ્કુલ કોલેજ બંધ છે. ઘરની બહાર પરેન્ટ્સ આવવા દેતા નથી. રેસ્ટોરન્ટ અને ખાણી પીણી બજાર સાંજ થી રાત ના સમય નો જ દાંધો છે. પરંતુ સમય મર્યાદા અને ચોક્કસ નિયમોને કારણે ખૂબ જ મુશ્કેલ બન્યું છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**કોઈની સાથે માથાકૂટ કરવી નહીં... આપણે જેની સાથે ન ફાવે તેને બ્લોક કરી દઈએ છીએને ?... એવું જ કર્યું.**

# ગોકુળપુરામાં માર્ગો પર ગટરના ગંદા પાણી ફરી વળતા નાગરીકો પરેશાન

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરને અડીને આવેલા ગોકુળપુરા ગામમાં છેલ્લા ૧૫ દિવસથી ગટરના પાણી ઉભરાતા સ્થાનિક નાગરીકો હેરાન પરેશાન થઈ ગયા છે. ગટરના ગંદા પાણી માર્ગો પર ફરી વળતા ગંદા પાણીના ખાબોચીયા ભરાયા છે. સ્થાનિક નાગરીકોને ફરજીયાત ગંદા પાણીમાંથી પસાર થવુ પડે છે. ગટરના ગંદા પાણીના નિકાલ મુદ્દે અનેકવાર તંત્ર સમક્ષ રજુઆત કરવા છતા હજુ સુધી કોઈ નિવેડો આવ્યો નથી. જેથી ગટરના પાણી માર્ગો પરથી ઝડપી દુર થાય તેની રાહ જોઈને સ્થાનિક નાગરીકો બેઠા છે.

અત્યારે હાલના સમયે કોરોના એ કોહરામ મચાવ્યો છે. પાટનગરમાં કોરોનાના કેસનો આંકડો રોજ વધી રહ્યો છે. કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે તંત્ર સતત કામગીરી કરી રહ્યું છે. ત્યારે ચોમાસાની સિઝનને પગલે પાણી ભરાઈ રહેવાને તેમજ કાદવ-કિચડને પગલે રોગચાળાની ભિતિ સેવાઈ રહી છે. ત્યારે હાલના સમયે ગોકુળપુરામાં ચોમાસા જેવી સ્થિતિનું નિર્માણ થયુ છે. ગોકુળપુરામાં ગટરના પાણી ઉભરાતા ઠેર ઠેર ગંદા પાણીના ખાબોચીયા ભરાયા છે. આ વિસ્તારમાં ગંદા પાણીને પગલે મચ્છરોનો ત્રાસ વધી ગયો છે. ગટરના પાણીના ખાબોચીયા ભરાતા નાગરીકોની હાલત કફોડી ગટરના ઉભરાતા પાણીમાંથી ક્યારે મુકિત મળશે તે પ્રશ્ન



છેલ્લા ૧૫ દિવસથી સતત ગટર ઉભરાતા પાણી માર્ગો પર ફરી વળ્યા છે. નાગરીકોને મોં પર રૂમાલ રાખીને ગંદા પાણીમાંથી પસાર થવુ પડે છે. ઘર પાસે બની જવા પામી છે. સ્થાનિક નાગરીકોએ અનેકવાર રજુઆત તંત્ર સમક્ષ કરી છે તેમ છતા હજુ સુધી કોઈ નિવેડો આવ્યો નથી. ત્યારે ગોકુળપુરાના નાગરીકોને દરેકના મનને સતાવી રહ્યો છે. તંત્ર દ્વારા આ મુદ્દે કોઈ નિવેડો ઝડપી નહી આવે તો નાગરીકો દ્વારા ઉગ્ર આંદોલન પણ કરવામાં આવે તો નવાઈ નહી.

# સે-૬/બીમાં સ્ટોર્મ વોટર લાઈનને અડીને સ્થિત ગટરના જોડાણમાં ભંગાણ

**સેકટરવાસીઓ ત્રાહીમામ : સ્ટોર્મ વોટર લાઇનની ખોદકામગીરીથી સેકટરવાસીઓ દુવિધાઓથી ઘેરાયેલા છે : વરસાદી દિવસોમાં સમસ્યાનુ નિરાકરણ આવે તે માટે રજુઆત**

ગાંધીનગર તા ૩

સે-૬ બી માં સ્ટોર્મ વોટર લાઈનની કામગીરી દરમિયાન ગટર લાઈનમાં ભંગાણ થતા ગટરનુ પ્રદુષિત પાણી સ્ટોર્મ વોટર લાઈનમાં જતુ હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. જયારે આગામી વરસાદી દિવસો દરમિયાન વરસાદનુ પાણી સ્ટોર્મ વોટર લાઈનમાં જશે ત્યારે ગટર ની લાઈનમાં થયેલા ભંગાણના લીધે રહીશોના ઘરોમાં પ્રદુષિત પાણી બેક મારશે આ સ્થિતિ વચ્ચે વરસાદી દિવસોમાં આમ પણ રોગચાળાનો ખતરો વધુ હોય છે ત્યારે રહીશોની મુશ્કેલી વધશે. આ અંગે સેકટરના કોર્પોરેટર હિરલબેન જોષીએ ગાંધીનગર મહાનગરપાલિકાના સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનને આ અંગે રજુઆતમાં જણાંવ્યા મુજબ સે-૬ બી માં સર્જાયેલી આ સમસ્યા નિવારવા માટે ત્વરિત પગલા લેવા અનિવાર્ય છે. આગામી વરસાદી દિવસોમાં આ સમસ્યા જટીલ અને સ્થાનિક નાગરિકોના આરોગ્ય માટે જોખમી પુરવાર ન થાય તે માટે અગમચેતી દાખવી પ્રશ્નનુ ત્વરિત નિરાકરણ લાવવુ પણ અનિવાર્ય છે. અત્રે ઉલ્લેખનીય છે કે શહેરમાં ત્યારે સેકટરોમાં સ્ટોર્મ વોટર લાઈનની સુવિધા તો જયારે ઉપલબ્ધ થશે ત્યારે પરંતુ હાલ



સ્ટોર્મ વોટર લાઈનની કામગીરી દરમિયાન આડેધડ ખોદકામના લીધે સ્થાનિક નાગરિકોએ સતત દુવિધાઓનો સામનો કરવો પડે છે. સેકટરવાસીઓ માટે ઘર આંગણે જ દુવિધાઓનો ઢગ ખડકાયો છે. સ્માર્ટ સીટીનુ સ્વપ્ન સાકાર કરવા માટે શહેરમાં સ્ટાર્મ વોટર લાઈન જેવા મળખાગત સુવિધાના કામો તેમજ વિકાનસના નવા પ્રોજેકટો સંદર્ભે કામ હાથ ધરાયા છે.

પરંતુ કોર્પોરેશનના તંત્ર જાણે કોઈપણ વિઝન વગર ખોદકામ કરવામાં માહીર હોય તેમ અન્ય આનુસંગિક સુવિધાઓને નુકશાન ન થાય તેની દરકાર પણ લેતુ નથી. આ સ્થિતિ વચ્ચે હાલ શહેરમાં ફુટપાથ , રસ્તાઓ તેમજ માર્ગોની બન્ને બાજુઓ પર બધુ વેરાન હાલતમાં જોવા મળી રહ્યુ છે. જેના લીધે હાલ શહેરમાં સુવિધા નહી પરંતુ દુવિધા ઉભી કરવા માટે તંત્ર કામ કરતુ હોય તેવી સ્થિતિ છે. અન્ડરપાસના તોતિંગ પ્રોજેકટનુ સુપરવિઝન કરવામાં જ કોર્પોરેશનના બાબુઓને રસ હોય તેમ સેકટરમાં ઉદભવતી આમ નાગરિકોની સમસ્યાને સતત નજરઅંદાજ કરવામાં આવી રહી છે. જયારે કોર્પોરેશનના ઈજનેરો પણ આ મામલે બિન્દાસ્ત હોય તેમ સ્થળ સ્થિતિનુ કોઈ નિરિક્ષણ કરતુ ન હોવાનો રોષ પણ સ્થાનિક નાગરિકો ઠાલવી રહ્યા છે.

# ઝાયડસ કેડિલાને હ્યુમન ટ્રાયલની મંજૂરી મળી ગઈ

**દેશની બીજી કોવિડ-૧૯ વેક્સિન પણ તૈયાર : ઝાયડસ કેડિલાએ પ્રાણીઓ પર કરાયેલા પરીક્ષણોનો રિપોર્ટ ડ્રગ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયાને સોંપ્યો**

અમદાવાદ, તા. ૩

ડ્રગ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (DCGI) એ COVID-19 ના વેક્સીન ફેઝ ૧ અને ફેઝ ૨ ના માનવ પરીક્ષણને શરૂ કરવા અમદાવાદની ફાર્માસ્યુટિકલ કંપની ઝાયડસ કેડિલાને પરમિશન આપી દીધી છે. આ પરમિશન મેળવનાર ઝાયડસ કેડિલા દેશની બીજી કંપની છે. આ પહેલા હૈદરાબાદ સ્થિતિ ભારત બાયોટેક કંપનીને આ પરમિશન આપવામાં આવી છે. દુનિયાભરના ડ્રગ નિર્માતા કોરોના વાયરસની વિરુદ્ધ એક વેક્સીન તૈયાર કરવા માટે સતત પ્રયાસો કરી રહ્યાં છે. પરંતુ અત્યાર સુધી કોઈ પણ કંપનીને આ મામલે સફળતા મળી નથી.

સૂત્રો દ્વારા માહિતી મળી કે, દેશમાં તેજીથી વધી રહેલ COVID-19 ની મહામારાને જોતા એકસપર્ટસ સમિતિની અનુમતિ બાદ આ એપ્રુવલની પ્રોસેસને ફાસ્ટ કરવામાં આવી હતી. ઝાયડસ કેડિલાનો દાવો છે કે, તેની આ વેક્સીન પ્રાણીઓ પર કરવામાં આવેલ ટ્રાયલ પર કારગર સાબિત થઈ છે. ઝાયડસ કેડિલાએ પ્રાણીઓ પર કરવામાં આવેલ પરીક્ષણોનો રિપોર્ટ ડ્રગ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયાને સોંપ્ય હતો. જેના પર રિસર્ચ બાદ ડીજીજીઆઈના ડો. વીજી સોમાનીએ કોરોનાની વેક્સીનના માનવ પરીક્ષણના પ્રથમ અને બીજા ફેઝ માટે મંજૂરી આપી દીધી છે.

કંપની જલ્દી જ માણસો પર વેક્સીનના ટ્રાયલ માટે ઈન્રોલમેન્ટ શરૂ કરશે. સૂત્રોએ જણાવ્યું કે, પહેલા અને બીજા ચરણના ટ્રાયલના લગભગ ત્રણ મહિનામાં પૂરા કરી લેવાશે. હાલમાં જ ભારતની ટોચની ભારત બાયોટેક કંપનીએ જાહેરાત કરી હતી કે, તેણે કોરોનાની પ્રભાવી વેક્સીન કોવાક્સિન બનાવી લીધી છે. ભારત બાયોટેકના માનવ પરીક્ષણના પહેલા અને બીજા ચરણના માનવીય ટ્રાયલની મંજૂરી મળી ગઈ છે.

# લોકડાઉનની માનવજીવન પર પડેલી અસરોને સ્કેચબુકમાં કેદ કરવાનો ચિત્રકારનો પ્રયાસ

**ગાંધીનગરના ચિત્રકાર બિપિન સથવારાએ લોકડાઉનની અસરોનું દસ્તાવેજીકરણના ઈરાદાથી ૫૦૦ સ્કેચ દોરવાનો નિર્ધાર કર્યો છે : ૨૦ વર્ષથી પેઈન્ટિંગ અને ગ્રાફિક્સ ક્ષેત્રે સંકળાયેલા આ ચિત્રકારને અગાઉ લલિત કલા અકાદમીનો પુરસ્કાર પ્રાપ્ત થઈ ચુક્યો છે**

ગાંધીનગર, તા. ૩

આ કોરોના મહામારીએ તો સમગ્ર વિશ્વમાં નાગરિકોનું સામાજિક જીવન ખૂબ પ્રભાવિત કર્યુ છે અને ખાસ કરીને લોકડાઉન દરમિયાન નાગરિકોની વિચારણસરણી તથા વર્તન વગેરેમાં ઘણા પરિવર્તન આવેલા અનુભવાઈ રહ્યાં છે. ગાંધીનગરના એક ચિત્રકારે જયારે આ પરિવર્તનનો અનુભવ કર્યો ત્યારે તેને તેની આસપાસની તથા રોજ હળતી-મળતી વ્યક્તિઓના ''પેન્સિલ સ્કેચ'' બનાવી લોકડાઉનની અસરો સાથેની મુખ મુદ્રાઓનું દસ્તાવેજીકરણ કરવાની સ્ફૂરણા થઈ. આ માટે કલાકારે ૫૦૦ વ્યક્તિઓના સ્કેચ બનાવવાનો નિર્ધાર કર્યો છે જેમાં પ્રાથમિક શર્ત એ રાખી છે કે માસ્ક ફરજિયાત હોવો જોઈએ.



ગાંધીનગરના સેક્ટર-૨૨માં જૈન દેરાસર સામેના માઈક્રો શોપીંગ સેન્ટરમાં પોતાનો નાનકડો ડ્રોઈંગ સ્ટુડિયો ધરાવતા બિપિન સથવારા વ્યવસાયિક રીતે પેઈન્ટિંગ્સ, ઈલ્યુસ્ટ્રેશન્સ ગ્રાફિક્સ વગેરેનું કાર્ય છેલ્લા ૨૦ વર્ષથી કરે છે. સેક્ટર-૨૯ના રહેવાસી ૪૪ વર્ષીય બિપિન સથવારાએ વલ્લભવિદ્યાનગરની કલા કેન્દ્ર કોલેજ ખાતેથી ફાઈન આર્ટસ કર્યુ છે અને ચિત્રકળા ક્ષેત્રે ગમતા વિષયોમાં રિઆલિસ્ટિક પેઈન્ટિંગ્સ અને પોટ્રેટ તથા લેન્સસ્કેપ છે. ગદાચ આ કારણોસર જ કોરોના મહામારી તથા લોકડાઉનની સમાજજીવન પર પડેલી અસરોને પોતાની કળાના માધ્યમથી સ્કેચબુકમાં કેદ કરી લેવા તત્પર થયેલા આ કલાકાર દરેક વ્યક્તિમાં રહેલા અલગ અલગ વ્યક્તિત્વ અને તેના અલગ હાવભાવ આકર્ષી રહ્યાં છે. તેમનું માનવુ છે કે 'આ કપરી પરિસ્થિતિમાં પોતાની કળાના માધ્યમથી તેમને વિવિધ વ્યક્તિઓના ''ચહેરા' વાંચવાની તક મળી છે.

બિપિન સથવારાને અગાઉ વર્ષ ૧૯૯૫માં ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમીનો 'બેસ્ટ ગ્રાફિક્સ' માટે પુરસ્કાર પ્રાપ્ત થઈ ચુક્યો છે અને તેઓ અનેક ખાનગી-જાહેર સ્પર્ધાઓમાં પણ ભાગ લઈ ઘણા બધા ઈનામો જીતી ચુક્યાં છે. તેઓએ કોલેજ કાળ દરમિયાન પણ 'પોસ્ટર મેકિંગ' અને 'બેસ્ટ ગ્રાફિક્સ' માટે એવોર્ડ પ્રાપ્ત કરી ચુક્યાં હતા તેમજ કારકિર્દીમાં અનેક ગ્રૃપ એક્ઝિબિશન્સ પણ કરી ચુક્યા છે. ગાંધીનગરના ઈન્દ્રોડા પાર્કમાં વિકસાવાયેલા ડાયનાસૌર પાર્કમાં સ્કીન પેઈન્ટિંગ તથા અર્થ સેક્શનમાં કામ કરી

● અનુસંધાન પાના ૭ પર

# લોદરા ખાતેના પ્રવાહી કચરાના નિકાલ વ્યવસ્થાપન પ્રોજેકટની મુલાકાત લેતા વિજય નેહરા

ગાંધીનગર, તા. ૩

સમગ્ર ગુજરાતમાં સૌ પ્રથમ પ્રવાહી કચરા નિકાલના વ્યવસ્થાપનનાં માણસા તાલુકામાં આવેલા નિકાલ વ્યવસ્થાપનના પાઈલોટ પ્રોજેક્ટ અમલી બનાવવામાં આવ્યો છે. હાલમાં આ પ્રોજેક્ટની કામગીરી ચાલું છે, જેની કરવામાં આવી છે, તેનો આનંદ વ્યક્ત કર્યો હતો. કામગીરીના સ્થળ ઉપર સ્વચ્છતા જળવાઈ રહે તેમજ તમામ અધિકારી/



લોદરા ગામ ખાતેના પાઈલોટ પ્રોજેક્ટની મુલાકાત આજરોજ ગ્રામ વિકાસ કમિશનર અને સચિવ શ્રી વિજય નહેરાએ લીધી હતી.

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના લોદરા ગામ ખાતે સ્વચ્છ ભારત મિશન (ગ્રામિણ) યોજના અંતર્ગત ગુજરાત રાજયના સૌપ્રથમ પ્રવાહી કચરાના આજરોજ ગ્રામ વિકાસ કમિશનર વ- સચિવ શ્રી વિજય નેહરા અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી શાલિની દુહાને આ પ્રોજેક્ટની સ્થળ મુલાકાત લીધી હતી.

ગ્રામ વિકાસ કમિશનર – વ- સચિવ શ્રી વિજય નેહરાએ પ્રોજેક્ટની ૯૫ ટકા કામગીરી ઝડપથી પુર્ણ કર્મચારીઓને પ્રવાહી કચરા નિકાલના વ્યવસ્થાપનનો પાઈલોટ પ્રોજેક્ટ સફળ બને તે અંગેની સૂચના આપી હતી. આ મુલાકાત દરમ્યાન જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી હર્ષ યાદવ, તાલુકા વિકાસ અધિકારી, સરપંચશ્રી અને ગામના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં માસ્ક પહેર્યા વિના ફરતા ૧૧૪ લોકો પાસેથી આજે ૨૩૪૩૦ રૂ.નો દંડ વસુલવામાં આવ્યો છે. સૌથી વધુ કલોલમાં ૪૨ લોકો સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવી છે.
- ગાંધીનગર મનપાની પાંચ ટીમો દ્વારા પણ ૩૩ લોકો માસ્ક પહેર્યા વિના ફરતાં જણાતાં રૂ. ૬૬૦૦નો દંડ વસુલવામાં આવ્યો છે.
- એલ.ડી.આર.પી. કોલેજ સે. ૧૫ ખાતે ૭૨ વિદેશી ભારતીયોને હાલ ફેસીલીટી ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.
- ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા અત્યાર સુધીમાં ૧૦ હજાર કિલોથી વધારે બાયોમેડિકલ વેસ્ટનું કલેક્શન કરી તેનો નિકાલ કરવામાં આવ્યો છે.
- ગાંધીનગર જિલ્લામાં વારંવાર વીજપુરવઠો ખોરવાઈ જવાની ફરિયાદો વધવા પામી છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં સિનીયર ક્લાર્કની બઢતીના હુકમો થતાં કર્મચારીઆલમમાં ગણગણાટ ઉભો થવા પામ્યો છે.
- જિલ્લા વહીવટીતંત્રમાં એકાદ-બે દિવસમાં બદલીનો ગંજીફો ચીપાશે.

## ચાઈનીઝ મોબાઈલ કે સ્પેર પાર્ટસ પણ નહીં ખરીદાય

અમદાવાદ, તા. ૩

ગલવાન ઘાટીમાં સૈનિકો વચ્ચે હિંસક ઝડપમાં દેશના ૨૦ જાંબાઝ જવાનો શહીદ થવાને પગલે સમગ્ર દેશમાં ચીન પ્રત્યે આક્રોશ ચરમ પર છે, ત્યારે અમદાવાદ સ્થિત ચાઈના માર્કેટ તરીકે ઓળખાતા કૉમ્પ્લેક્સના વેપારીઓએ દેશદાઝ દાખવતા મહત્વનો નિર્ણય લીધો છે. જેમાં હવેથી તેઓએ કોઈપણ પ્રકારના ચાઈનીઝ મોબાઈલ અને તેના સ્પેરપાર્ટ્સ નહીં ખરીદવાનો નિર્ણય કર્યો છે. આટલું જ નહીં, આ વેપારીઓએ દેશને વધારે મહત્વ આપીને પોતાની પાસે રહેલા ચાઈનીઝ મોબાઈલના સ્ટોકની કિંમતમાં પણ વધારો કરી દીધો છે. જેથી કરીને ગ્રાહકો આવા ચાઈનીઝ મોબાઈલની ખરીદીથી દૂર રહે.

## ગાંધીનગર જિલ્લાના ખેડૂતો જોગ

ગાંધીનગર, તા. ૩

વર્ષ ૨૦૨૦-૨૧ માટે બાગાયત ખાતાની વિવિધ યોજનાઓ હેઠળ રાજ્યના ખેડુતો ખેડુત આઈ પોર્ટલમાં અરજી કરી મહત્તમ લાભ લઈ શકે તે માટે ત્રણ માસ માટે ખુલ્લુ મુકવામાં આવ્યું હતુ. હવે પછી ચાલુ વર્ષે (૧) ટુલ્સ ઈક્વીપમેન્ટ શોર્ટીંગ –ગ્રેડીંગના સાધનો (તાડપત્રી તથા પ્લાસ્ટીક ક્રેટસ) (૨) મેન્યુલ સ્પ્રેયર (૩) પાવર નેપસેક સ્પ્રેયર (૮-૧૨ લી. ક્ષમતા) (૪) પાવર નેપસેક સ્પ્રેયર (૧૨ – ૧૬ લી. ક્ષમતા) તથા (૫) ફક્ત અનુસુચિત જાતિ/ અનુસુચિત જનજાતિન ખેડુતો માટે પેક હાઉસ (૯ ૬ ૬ મી) ઘટકો માટે આઈ – ખેડુત પોર્ટલ વધુ૦૩/૦૭/૨૦ થી ૩૧/૦૭/૨૦ સુધી ખુલ્લુ મુકવામાં આવ્યું છે. ગાંધીનગર જીલ્લાના સર્વે ખેડુતોએ નોંધ લેવી. આઈ ખેડુત પોર્ટલ પર કરેલ અરજીની પ્રિન્ટ પોતાની સહી કે અંગુઠાના નિશાન કરી જરૂરી સાધનિક કાગળો સાથે અરજી કરવાથી દિન-૭ માં રૂબરૂ કે ટપાલથી નાયબ બાગાયત નિયામકની કચેરી,પાંચમો માળ, સહયોગ સંકુલ, સી બ્લોક, સેકટર-૧૧, ગાંધીનગર ખાતે બીનચુક રજુ કરવાની રહેશે.